Regular Civil Suit No.120 of 2025

**આંક–૫ લગત હુકમ:–**

આ કામે વાદી ધ્વારા આંક–૫ની વચગાળાની મનાઇ હુકમની અરજી સબંધે દલીલ કર્યાબાદ પ્રતિવાદી તથા તેમના વિધ્વાન વકીલશ્રીએ દાવાનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી કોઇ વેચાણ દસ્તાવેજ કરીશું નહી તથા મિલકતમાં ફેરબદલ કરીશું નહી તેવો શેરો આંક–૫ની અરજી લગત કરેલ છે તેમજ ઇલાયદી પુરસીસ પણ રજુ રાખેલ છે જે પુરસીસને આંક–૧૮ આપી રેકર્ડમાં સામેલ રાખેલ છે.

આમ, સદર પુરસીસ તથા આંક–૫ની અરજી લગત પ્રતિવાદીપક્ષ ધ્વારા કરવામાં આવેલ શેરો વંચાણે લેતાં ન્યાયનાહિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : : હુ ક મ : : –**

વાદીની અરજી મંજુર કરવામાં આવે છે.

પ્રતિવાદીએ રજુ કરેલ પુરસીસ તથા શેરા મુજબ તકરારી મિલકત મોજે લાલપુર(વાવડી), તા.હિંમતનગર, જી.સાબરકાંઠા સીમના ખાતા નં.૧૧૮ સર્વે/બ્લોક નં.૧૧(જુના સર્વે નં.૩૦/૨) ક્ષેત્રફળ ૦–૪૯–૫૦ હે.આ.ચો.મી. તથા સર્વે/બ્લોક નં.૨૧૦(જુના સર્વે નં.૩૫/૩) ક્ષેત્રફળ ૦–૭૦–૪૫ હે.આ.ચો.મી. વાળી જમીન સબંધે આ દાવાનો આખરી નિકાલ ન થાય અથવા અન્ય કોઇ હુકમ ના થાય ત્યાં સુધી રેવન્યુ રેકર્ડમાં કોઇપણ પ્રકારનો ફેરફાર તેમજ વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઇ રીતે તબદીલ કરવી નહી કે કોઇ બોજો ઉત્પન કરવો નહી તેવો પ્રતિવાદી વિરૂધ્ધ વચગાળાનો મનાઇ હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૭મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાતલમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.હિંમતનગર.

(ચંગીઝ મસવર રાઠોડ)
ચોથા એડીશ્નલ સીનીયર સીવીલ જજ,
સાબરકાંઠા – હિંમતનગર.
જીજે૦૧૨૩૮